International Journal of Research in all Subjects in Multi Languages
[Author: Madhuben S. Patel] [Subject: Economics/Commerce]
Vol. 6, Issue: 1, January: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# બિટકોઈન-ક્રિપ્ટો કરન્સી

પ્રો. મધુબેન એસ. પટેલ
આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ, વ્યારા

આજકાલ બિટકોઈન નામની વર્ચ્યુઅલ કરન્સી એટલે કે આભાસી ચલણના સમાચારો ખાસ ચમકી રહયા છે, બિટકોઈનની કિંમતના છેલ્લા એક વર્ષનાં હજાર ટકા કરતા પણ મોટો ઉછાળો જોવા મળ્યો છે. લોકોએ બિટકોઈન નામ સાંભળ્યું છે. પરંતુ હકીકતે તે શું છે તેના વિશે લોકોમા ખાસ જાણકારી નથી. બિટકોઈન એક વર્ચ્યુઅલ કરન્સી છે આભાસી ચલણ છે. તેને ક્રિપ્ટો કરન્સીના નામે પણ ઓળખવામાં આવે છે આનો અર્થ એ કે જેમ રૂપિયા કે ડોલરની નોટ અને સિકકા હોય એવું બિટકોઈનમાં નથી. રૂપિયાની કિંમતનો આધાર આપણી અર્થવ્યવસ્થા પર છે. અને ડોલરની કિંમતનો આધાર અમેરિકાની અર્થવ્યવસ્થા પર બિટકોઈનનો આવો કોઈ આધાર નથી. મતલબ કે દુનિયાની કોઈ સરકાર કે બેંક આ ચલણનું નિયમન કરતી નથી. બિટકોઈનની કિંમતમાં વધઘટ થાય છે તેની સોદાબાજીના આધારે.

બિટકોઈનનો ઈતિહાસ બહુ જૂનો નથી, ૧૮ ઓગષ્ટ ૨૦૦૮ ના રોજ બિટકોઈનના નામે ડોમેઈન રજિસ્ટર થયુ. જાન્યુઆરી ૨૦૦૯માં સાતોશી નાકામોટા નામનો કોઈ અજ્ઞાત વ્યકિતએ બિટકોઈન સોફટવેર ઓપન સોર્સ તરીકે ઈન્ટરનેટ પર મૂકયો નાકામોટાની ઓળખ તો અજાણી જ રહી પરંતુ તે જાપાનનો કોઈ સોફટવેર નિષ્ણાંત હોવાનું મનાય છે. બિટકોઈન એક જટિલ કમ્પુટર પ્રક્રિયા દ્વારા તૈયાર થાય છે. જેને બિટકોઈન માઈનિંગ કહેવામાં આવે છે. આ કામગીરી કરવા માટે અત્યાધુનિક અને શકિતશાળી કમ્પ્યુટરની આવશ્યકતા રહે છે. ઉપરાંત ચાઈનિંગ સોફટવેર પણ જરૂરી છે. બિટકોઈન કોઈ એક કમ્પ્યુટર નેટવર્ક દ્વારા તે તૈયાર કરવામાં આવે છે. રોજના સરેરાશ ૩૬૦૦ બિટકોઈન તૈયાર કરવામાં આવે છે. અત્યાર સુધી દુનિયા ભરમાં એક કરોડ પાંસઠ લાખ બિટકોઈન થઈ ચૂકયા છે. બિટકોઈન બનાવવા માટે બે કરોડ દસલાખની મર્યાદા નકકી કરવામાં આવી છે મતલબ કે આ સંખ્યાએ પહોંચ્યા પછી નવા બિટકોઈન બનાવી શકાય નહીં.

બિટકોઈન કોઈ બેંકે જારી કર્યો નથી અને તે કોઈ દેશનું અધિકૃત ચલણ ન હોવાથી તેના પર સરકારી નિયંત્રણ નથી. જેના કારણે બિટકોઈન પર કોઈ ટેકસ લાગતો નથી બિટકોઈન સંપૂર્ણ ગુપ્ત કરન્સી છે. અને તે સરકારથી છુપાવીને રાખી શકાય છે. એટલુ જ નહી તેને દુનિયામાં ગમે ત્યા ખરીદી કે વેચી શકાય છે. ખરું જોતા આ કરન્સી કોડ સ્વરૂપે હોવાથી તેને ન તો જપ્ત કરી શકાય છે કે નાતો નષ્ટ કરી શકાય. બિટકોઈન ખરીદવા યુઝરે એક એડ્રેસ રજિસ્ટર કરાવવો પડે છે. આ એડ્રેસ ૨૭-૩૪ અક્ષરો કે અંકોના કોડમાં હોય છે અને એક વર્ચ્યુઅલ એડ્રેસ તરીકે કામ કરે છે. આ એડ્રેસ બિટકોઈન વોલેટમાં સ્ટોર કરવાના આવે છે. આ આભાસી એડ્રેસ ઉપર જ બિટકોઈનનું ખરીદ વેચાણ થાય છે. આ વર્ચ્યુઅલ એડ્રેસ રજિસ્ટર ન હોવાથી બિટકોઈન ધરાવતા લોકોની ઓળખ ગુપ્ત રહે છે. બિટકોઈનની સંખ્યા અને સપ્લાય મર્યાદિત છે. જેને કારણે તેની કિંમતોમાં ભારે ઉછાળા જોવા મળે છે. ૨૦૧૭ માં બિટકોઈનની કિંમતના ૧૪૦૦ ટકાનો ઉછાળો આવ્યો છે. એક માહિતીની આધારે ૧૫ હજાર ભારતીઓએ પણ બિટકોઈનમાં રોકાણ કર્યુ છે. માત્ર બિટકોઈનના ભાવમાં ઉછાળો આવે એવા ખબરો ફેલાય જેના લીધે

તેની કિંમતમાં વધારે ને વધારે વધે છે. હવે એમાં રોકાણ કરવું કેટલું જોખમી ગણાય. રોકાણ સામે વળતરના હિસાબો જોતા બિટકોઈને છેલ્લા થોડા મહિનામાં તમામ રેકોર્ડ તોડી નાંખ્યા છે એક અંદાજ પ્રમાણે દોઢકરોડ બિટકોઈન ચલણમાં છે. બિટકોઈન એકસચેન્જ કરતી મેટગોકસ નામની કંપનીના જણાવ્યા અનુસાર બજારમાં બિટકોઈનની કિંમત એક હજાર ડોલર ને પાર કરી ગઈ છે. નવેમ્બરમાં બિટકોઈનની કિંમત ૪.૫૫ લાખ હતી, અને ડિસે.ની શરૂઆતમાં ૯ લાખને વટાવી ગઈ. બિટકોઈનની કિંમતમાં ઉછાળો આવવાનું કારણ એ કે અમેરિકા સેનેટની એક સમિતિએ વર્ચ્યુઅલ કરન્સી દ્વારા થતી લેવડ-દેવડની કાયદેસર ગણાવી. બિટકોઈનના તેજીથી વધી રહેલા ભાવના કારણે તે હેકરોના નિશાન ઉપર પણ આવી ગયું. હેકરોએ ૪૭૦૦ થી વધારે બિટકોઈનની ચોરી કરી કે જે ૮ કરોડ ડોલર અને રૂપિયામાં ૫૦૦ કરોડ રૂપિયાની ઉચાપત કરી જેનાથી બિટકોઈનનું સંચાલન કરતી નાઈસહેશ નામની પણ આઘાતમાં છે. ક્રિપ્ટો કરન્સીમાં વાડ પાડવી અશકય છે. રેન્સમવેર વાઈરસના હુમલા વખતે પણ હેકરોએ તેમાથી બચાવવા ખંડણી તરીકે બિટકોઈનના ચલણની જ માંગણી કરી આભાસી ચલણના વધી રહેલા ઉપયોગનું મુખ્ય કારણ એ છે કે તેના દ્વારા થતી લેવડદેવડ અંગે તપાસ કરવી મુશ્કેલ છે. બિટકોઈનનું સમર્થન કરતા લોકોની દલીલ છે કે આંતરાષ્ટ્રીય સ્તરે પૈસા ટ્રાન્સફર માટે તે ખૂબ સચોટ અને ઝડપી ઉપાય છે.

વૈશ્વિક સ્તરે ૧૦ પછી વધારે ડિઝિટલ કરન્સી વિશ્વના અનેક દેશોના બેંકિગ ક્ષેત્રોના નિયામક દ્વારા બિટકોઈનમાં ઉદ્‌ભાવેલ તેજીને માત્ર લેબલ લેખાવીને તેમાં ટ્રેડિંગ સંદર્ભે ચેતવણી આપી હોવા છતા બિટકોઈનની વિક્રમી તેજી ચાલુ રહેવા સાથે તેણે ૧૭૦૦૦ ડોલરની સપાટી કુદાવી દીધી છે. ચાલુ કેલેન્ડર  વર્ષના પ્રારંભે બિટકોઈન ૧૦૦૦ ડોલર આસપાસ હતો. વૈશ્વિક રોકાણકારોમાં ડિઝિટલ કરન્સી પ્રત્યે વધેલા ટ્રેસને કારણે સમગ્ર વર્ષ દરમ્યાન તેમાં તેજીનો માહોલ અકબંધ રહેવા પામ્યો હતો. ૨૦૧૮ ના કેલેન્ડર વર્ષના અંત સુધીમાં બિટકોઈન ૫૦,૦૦૦ ડોલરની સપાટીએ પહોંચશે એવી આગાહી બજાર વર્તુળોએ કરી છે.

## ડિજિટલ કરન્સી

(૧)ઈથર
(૨)બિટકોઈન કેશ
(૩)રિયલ
(૪)બિટકોઈન ગોલ્ડ
(૫)બિટકોઈન
(૬)ડેશ
(૭)આયોટા
(૮)કાર્ડાના
(૯)ઈથેરિયમ કલાસીક
(૧૦)મોનેરો
(૧૧)નીઓ
(૧૨)NEM અને સ્ટેલર લુમેન્સ
(૧૩)હેકટ્રાસ

- **ઈથર :** બિટકોઈન પછી સૌથી વધુ વપરાશ ઈથરનો થાય છે.
- **બિટકોઈન કેશ :** ચાલુ વર્ષે ઓગષ્ટ માસ દરમ્યાન બિટકોઈનમાંથી વિભાજન થયા બાદ આ કરન્સીનો જન્મ થયો.
- **રિપલ :** ચાલુ વર્ષે આ કરન્સીનું મુલ્ય ૦.૦૦૬૧ ડોલર હતું. નવ માસના ટૂંકાગાળા માં આ કરન્સીમાં ૪૮૦૦ ‘ નો વધારો થયો.
- **બિટકોઈન ગોલ્ડ :** ઓકટો ’ ૧૮ માં બિટકોઈનમાંથી છૂટી પડયા બાદ ચલણમાં આવી હતી.

- **બિટકોઈન :** ૨૦૧૧ માં ચલણમાં આવેલ આ ડિજિટલ કરન્સીનું મૂલ્ય ૩.૮૫ ડોલર હતુ જે વધીને ૯૭ ડોલર આસપાસ મુકાયું.
- **ડેશ :** ૨૦૧૪માં રજૂ થયેલ આ કરન્સી ડિજિટલ કેશના નામથી પણ ઓળખાય. ૨૦૧૭માં આનુ મુલ્ય ૧૧.૨૧ ડોલર હતુ જે વધીને ૬૪૨ ડોલર થયું.
- **આયોટા :-** ડિજિટલ કરન્સીના બજારમાં આ કરન્સી નવી જ છે.
- **કાર્ડાનો :** આ કરન્સી પણ બજારમાં નવી છે.
- **ઈથેરિયમ ક્લાસીક :** જૂલાઈ ૧૬ માં તેનું મૂલ્ય ૦.૭૫ ડોલર હતુ તે આજે વધીને ૩૩.૨૫ પર પહોંચ્યુ.
- **મોનેરો :** મે ૨૦૧૪ માં રજુ થયેલ આ ડિજિટલ કરન્સીનું મૂલ્ય ૨.૪૭ અબજ ડોલર હતું આજે ૧૯૫ ડોલર પર પહોંચ્યું.
- **નીઓ :** આ પણ ડિજિટલ કરન્સી છે છેલ્લા સાત માસમાં ૧૫૪૦૦ ટકાનો ઉછાળો આવ્યો હતો.
- **NEM અને સ્ટેલર લુમેન્સ :** આ બંને ડિજિટલ કરન્સી જ છે. હજુ એનો વપરાશ ઓછો છે છતા એનું વેલ્યુએશન ૧ અબજ ડોલરની સપાટી કુદાવી ગયું.
- **હેકટ્રાસ :** ગુજરાતમાં ૨૦૧૭ નવેમ્બરમાં અસ્તિત્વમાં આવેલું હેકટ્રાસ કોઈન

રોકાણકારો 'અમે રહી ગયા' એવા વસવસા સાથે આંખો મીચીને બિટકોઈનમાં રોકાણ કરે છે. ભારતમાં નોટબંધી બાદ દેશમાં બિટકોઈનની માંગ ૨૫% વધી. વૈશ્વિક એકસચેન્જ પર બિટકોઈનને માન્યતા શિકાગો એકસચેન્જામાં બિટકોઈન ટ્રેડિંગ શરૂ ૪ કલાકમાં ૨૧% વધી ૧૮૭૦૦ ડોલર થયુ બિટકોઈનની તેજીને છૂટોદોર મળી ગયો છે. લાંબા સમયથી શિકાગો બોર્ડ ઓટસન્સ એકસચેન્જના ટ્રેડિંગ શરૂ થયે તેવી અટકળાને અંત આવ્યો છે. બિટકોઈન હવે વૈશ્વિક એકસચેન્જ પર ટ્રેક થનારી કરન્સી બની ચુકી છે. શરૂઆતમાં એક બિટકોઈ ૧૫૪૬૦ ડોલર હતો. જયારે ૪ કલાકમાં જ કિંમત સરેરાશ ૨૧% વધીને ૧૮૭૦૦ ડોલર પહોંચી ગઈ ૨૦ મિનિટ સુધી ટ્રેડરોની સંખ્યા એટલી વધારે હતી કે એકસચેજની વેબસાઈટ ખુલવી મુશ્કેલ બની હતી.

વિશ્વભરમાં બિનારોકટોક ચાલતી ડિજિટલ કરન્સી વિશ્વના અબજોપતિની યાદીમાં ટોપમાં બેઠેલા વોરેન બફેટ અને બિલગેટસ જેવા એક તબકકે બિટકોઈનને ફાયનાન્સીયલ માર્કેટનો પરપોટો કહેતા હતા અને ગમે ત્યારે પરપોટો ફાટશે પરંતુ આ પરપોટો આજે એટલો મજબુત છે કે દરેકની નજર તેની ચડઉતર પર ચોટી છે. બિટકોઈન એ બફેટ અને બિલગેટસની સંપતિ કરતા મોટો થઈ ગયો છે. બિટકોઈન જેવું જ શેર બજારમાં ડબ્બા ટ્રેડિંગ લોકો બિન્દાસ્ત ચલાવતા હતા એવું જ બિટકોઈન માર્કેટનું છે. ભારતમાં એક સમયે હર્ષદ મહેતાને બિગબુલ કહેવામાં આવતા હતા આવી જ રીતે બિટકોઈનના માર્કેટમાં થોમસ લીને બિટકોઈન બુલ કહેવામાં આવે છે. ક્રિપ્ટો કરન્સીની શરૂઆતથી જ ટેકો આપનારાનાં થોમસ લીનો સમાવેશ થાય છે. તે માને છે કે ૨૦૧૮ની મધ્યમાં બિટકોઈનનો ભાવ ૧૫૦૦ ડોલર પર પહોંચશે. HIVE બ્લોક વેઈન અને ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ પાસે ૧૦% જેટલા બિટકોઈન છે. જેની પાસે સૌથી વધુ બિટકોઈન છે તે કંપનીનું નામ કેમરોન વીંકલે પાસે છે. ક્રિપ્ટો કરન્સી બિટકોઈન થી આપણા રોકાણકારો દૂર રહયા છે. કેમ કે લોકોને પ્રતિબંધિત વસ્તુઓનાં રોકાણનો ડર લાગે છે. ફેડરલ રિઝર્વબેંકના વડા જેનેટ યેલને પણ તાજેતરમાં એક ટી.વી. ચેનલ સમક્ષ કબુલ્ય હતુ કે બિટકોઈન અને ક્રિપ્ટો કરન્સી ફાયનાન્સ માર્કેટમાં કોઈ ખાસ અસર નથી કરતા પણ તેના વધતા જતા પ્રભાવે વોલસ્ટ્રીટ અને અન્ય શેરબજારોમાં ૨૦૧૭ દરમ્યાન ઉથલ પાથલ કરી છે. એના ભાવો સ્થિર નથી માટે તે જોખમી કહી શકાય.

એક આર્થિક નિષ્ણાતે બિટકોઈન અંગે કહયું છે કે આ એક દૂરથી દેખાતી સુંદર સ્ત્રી જેવું છે તેની નજીક પહોંચો કે તેની સાથે કોઈ વ્યવહાર કરવા જાવ તો તે તરત જ ઘૂરકે છે. આંતરરાષ્ટ્રીય સ્તરની કોઈ કરન્સીની લોકોને જરૂરી હતી, ઈન્ટરનેટ પર બિટકોઈને મચાવેલી ધૂમનો લાભ ઘણા ઉઠાવી રહયા છે બિટકોઈન જોખમી હોવાની સાથે સાથે ઉપયોગી હોવાથી લોકો તે તરફ વળ્યા છે. RBI એ ભારતમાં તેના પર પ્રતિબંધ મૂકયો હોવા છતા ભારતના રોકાણકારો તેમા રસ લઈ રહયા છે.

વિદેશી કંપનીઓના નોકરી કરતા ભારતીયો દ્વારા ભારતમાં નાણાં લાવવા બિટકોઈનનો ઉપયોગ વધ્યો છે. કારણ કે ડોલરને રૂપિયામાં રૂપાંતર કરવાનું સસ્તુ પડે છે. વિદેશમાં કામ કરતા કર્મચારીઓ પોતાના પરિવારને બિટકોઈન્સના નાણા મોકલી રહયા છે. બિટકોઈનના આર્બિટ્રેજનો ભારત તથા ચીનમાં મોટો વેપાર છે. ભારતમાં બિટકોઈનના સૌથી મોટા એકસચેન્જ યુનોકોઈને બિટવેજ સાથે જોડાણ કર્યુ છે. આ એક એવું પ્લેટ ફોર્મ છે જે વિદેશી કંપનીઓને ભારતમાં નાણાં મોકલવામાં મદદ કરે છે. વિદેશમાંની કંપનીઓ સાથે બિટવેજ જોડાણ કર્યુ છે. ભારતમાં બિટકોઈનના પ્રિમિયમ ભાવનો વિદેશથી કંપનીઓ લાભ લઈ રહી છે. બિટકોઈન પ્રાપ્ત કરનાર પોતાના નાણા કોઈપણ ટ્રાન્ઝકશન કોસ્ટ અથવા કન્વર્ઝન ફી વગર મેળવી શકે છે. ભારત વર્ષનાં ૭૦ અબજ ડોલરનું રેમિટેન્સ મેળવે છે. જે વિશ્વમાં સૌથી વધુ છે. બિટકોઈનમાં રોજ નવા વિક્રમ થઈ રહયા છે. ત્યારે એક સરકારી પેનલે ભારતમાં ક્રિપ્ટોકરન્સી ડોલરો બંધ કરી દેવા તાજેતરમાં ભલામણ કરી છે. આ ક્રિપ્ટોકરન્સીમાં અંકુશ લાવવાનો હેતુ છે. જાપાનમાં ૪૦ કરોડ ડોલરની ક્રિપ્ટોકરન્સી હેક થઈ જેને લીધે પર કરોડ ડોલરનું નુકશાન થયું છે. NEM પણ સૌથી મોટી ક્રિપ્ટો કરન્સી છે. જેમાં ૧૬% જેટલો ઘટકો નોંધાયો છે. આ પ્રકારની કરન્સીમાં રોકાણ કરનાર ગ્રાહકને રક્ષણ નથી મળતું કારણ કે તેના ફ્રોડ અને નાણાંકીય ગરબડ થવાની ધારણાઓ રહેલી છે.

## ભારતમાં બિટકોઈનમાં ઈડીની એન્ટ્રી

બ્રોકરો સામે ફેમા ઉપરાંત મની લોન્ડરીંગ એકટ પણ લાગશે બિટકોઈનમાં જ બ્રોકરોને ત્યાં પાડેલા IT ના દરોડાનો રેલો આખરે ID સુધી પહોંચ્યો છે. બિટકોઈનમાં રૂપિયા દુબઈ ટ્રાન્સફર થયા છે. ૮૦% રૂપિયા કોલકતા અને ૨૦‘ દુબઈ ડાયવર્ટ થયા છે. બિટકોઈન મારફત લોકો ટેકસ ભરીને રૂપિયા વ્હાઈટ કરી શકે છે. આશરે ૧૫ થી ૨૦ જાતના જુદા જુદા એકસચેન્જમાં બિટકોઈનના ભાવો વચ્ચે પણ ૧૦૦૦-૨૦૦૦ ડોલરનો આર્બિટ્રેજ છે. મેથેમેટિકસ અને પાઈ ફલેશ ટ્રેડિંગ-અલ્ગો ટ્રેડર્સ ખાસ કરીને મોંગોલિયા, કોરિયા, જાપાની અને ચાઈનિઝ ટ્રેડર્સ બિટકોઈનમાં તરખાટ મચાવી રહયા છે. મેથેમેટિકસ ફોર્મ્યુલાઓ અને રાબસી કોમ્પ્યુટિંગ પાવર સાથે મોગોલિયન અને કોરિયના જાપાનીઝ ચીની ટ્રેડર્સ બિટકોઈન માઈનિંગ માટે ગળાકાપ હરિફાઈ કરી રહયા છે. બિટકોઈન વાયદા એકસચેન્જમાં શરૂ થયે એ પછી એની વધઘટ થોડી કાબુમાં આવશે કે પછી વધુ બેફામ અફડાતફડી આવશે એ કહેવું અઘરૂ છે. પરંતુ બિટકોઈન વાયદા શરૂ થયા પછી એકસચેન્જના ખુદના અસ્તિત્વ માટે પણ પડકાર સર્જાશે.
બિટકોઈનના વિરૂધ્ધમાં ફેસબુકે જંગ કર્યો છે. ક્રિપ્ટો કરન્સીની જાહેરાત પર પ્રતિબંધ મૂકયો છે. કાળાધનને વ્હાઈટ કરવાનો આ એક રસ્તો છે નોટબંધી પછી બિટકોઈનની માંગ વધી-બિટકોઈનની લેણદેણ પર નો પૂરો હિસાબ કિતાબ સરકાર રાખશે. બિટકોઈન સોનાની જગ્યા લઈ શકશે નહી ળજા ને કારણે દેશમાં સોનાની માંગમાં ૨૫‘નો ઘટાડા થયો. સૌથી વધારે સોનું કેરાલામાં ખરીદે છે. અને બીજા નંબર પર ગોવા છે બિહાર અને ઝારખંડમાં સૌથી ઓછું સોનુ ખરીદે છે. છેલ્લા ચાર મહિનાથી બિટકોઈનની કિંમતમાં ઘટાડો થઈ રહયો છે. બિટકોઈનની કિંમત ઘટીને અડધી થઈ ગઈ છે. બિટકોઈન જેવી બીજી ક્રિપ્ટો કરન્સી પર દ. કોરિયા દ્વારા બેન લાગવાથી શંકાથી ભાવો ઘટયા હતા. ભારતમાં પણ

Vol. 6, Issue: 1, January: 2018 (IJRSML) ISSN: 2321 - 2853

સૌથી વધારે બિટકોઈન ખરીદાય છે. સરકાર એના પર સકંજો કસી રહી છે. બ્રોકરો દુબઈ જતા રહયા છે. એમના આવવાની સરકાર રાહ જોઈ રહી છે.

➢RBI એ પણ ક્રિપ્ટો કરન્સીમાં નાણા ન રોકવાની લોકોને સલાહ આપી હતી. આ ક્રિપ્ટો કરન્સીના વિરોધ કરતા લોકોનું કહેવુ છે કે તેના દ્વારા ડ્રગ્સ અને હથિયારો જેવા ગેરકાયદેસર ધંધાઓ ફાલશે ફાળશે હમણા જ અમેરિકાની એક ડ્રગ્સ કંપની બંધ કરવામાં આવી કારણ કે એ ડ્રગ્સનું વેચાણ બિટકોઈન મારફત કરતી હતી. અમેરિકાની નાણાસંસ્થાઓ અને એફ.બી.આઈ. જેવી એજન્સીએ પણ બિટકોઈન દ્વારા ગેરકાનુની કામો વધવાની ચેતવણી ઉચ્ચારી છે.

- ચીનની પીપલ્સ બેંક ઓફ ચાઈનાના ડેપ્યુટી ગર્વનરે ચેતવણી આપતા કહયું કે એક દિવસ એવો આવશે કે બિટકોઈનનો મૃતદેહ નદીમાં તરી રહયો હશે અને બધા તેને કિનારે ઉભા રહીને જોતા હશે.
- એશિયાના બીજા દેશોએ પણ બિટકોઈનને લઈને રેડ સિગ્નલ આપી રહયા છે.
- બાગ્લાદેશ અને ઈન્ડોનેશિયાની સેન્ટ્રલ બેંકે બિટકોઈનથી લેવડ-દેવડ પર પ્રતિબંધ મૂકી દીધો છે.
- ચીને પણ સપ્ટેમ્બરમાં બિટકોઈન એકસચેન્જ બંધ કરી મૂકયું છે.
- જર્મની અને ફ્રાન્સે પણ લોકોને ચેતવણી આપી છે કે આભાસી નાણું જોખમ ભરેલી અંધકારમય દુનિયા છે.
- યુરોપમાં તો બિટકોઈનનું ચલણ એટલુ વધી રહયું છે કે ત્યાંની બેંકોને હવે ચિંતા થવા લાગી છે કે બિટકોઈનને કારણે લોકોનો પરંપરાગત બેંકિગ પરનો વિશ્વાસ ન ઉઠી જાય. બિટકોઈનના ચલણ સામે ચેતવણી છતાં તેના સમર્થકોની સંખ્યા વધી રહી છે. કેટલાક તો બિટકોઈનને ડિજિટલ ગોલ્ડ પણ કહે છે. આ જ સુધી શ્રીમંત દેશો તેને જ કારણે કે જેની પાસે પેટ્રોલિયમ અને ડોલર જેવી મુદ્રાના ભંડાર હોય, પરંતુ કેટલાક જાણકારોના મતે ક્રિપ્ટો કરન્સી ધરાવતા દેશો શ્રીમંત ગણાશે.
- રશિયા તો આવી ક્રિપ્ટો કરન્સીમાં ભારે રસ લઈ રહયું છે. રશિયાના પ્રમુખનું તો એવું માનવુ છે કે આગામી સમયમાં પરંપરાગત ચલણ નાબુદ થઈ જશે રશિયાની સેન્ટ્રલ બેંક તો પોતે જ આવુ આભાસી રાષ્ટ્રીય ચલણ લાવવાનું વિચારી રહી છે.

છતાં પણ વિશ્વના દેશો બિટકોઈનનો વિરોધ કરે છતા લોકો એમા નાણાં રોકતા અટકતા નથી. લોકો એવું જ ઈચ્છે છે અને સૌથી વધારે ફાયદો થાય, પરંતુ બિટકોઈન મારફતે પણ નાણું બહાર ચાલી જાય છે. એટલે આજસુધી આપણી સ્વીસ બેંકમાં બ્લેક મની છે, એમ માનતા હતા. હવે બિટકોઈન મારફતે બ્લેકમની જઈ રહયું છે. આના માટે વિશ્વ એક બને અને રોકાણકારના હિત ન જોખમાય એવા પગલા લે તો રોકાણને એ દિશા પરથી કાયદેસર રોકાણ તરફ વાળવામાં આવે તો રાષ્ટ્રનો આર્થિક વિકાસ વધી શકે. આ બિટકોઈન એક એવો રાક્ષસ છે જેને વિશ્વના બધા દેશો ભેગા મળીને એનો સંહાર કરે.